મહારાજાધિરાજ

રાઓળશ્રી સર તખ્તસિંહજી

જી. સી. એસ. આઇ.

સંસ્થાન ભાવનગરના

ઠાકોરસાહેબને

માનપત્ર.

રાજ્યભક્ત

ગિરિજાશંકર વિ. કાશીરામ દ્વિવેદી તરફથી

અર્પણ કરાય છે.

आयुःकर्मचवित्तंच विद्यानिधनमेवच ।
पंचैतानिहिसृज्यंते [illegible] स्यैव देहिनः ॥

ભાગ ત્રીજો.

મુંબઈ:
ગુજરાત પ્રીંટીંગ પ્રેસમાં છાપ્યું.

સને ૧૮૯૭.

૩૯૯

માનપત્ર.

ભાગ ત્રીજો.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियं ॥
प्रियंच नानृतं ब्रूयात् एष धर्मः सनातनः ॥

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ જેથી સંપાદન કરી શકાય એવાં ષડ્દર્શનમાંથી મીમાંસા દર્શનના મથાલાનું ઉપલું વાકય છે. "સત્ય કહેવું, પ્રિય કહેવું; અપ્રિય સત્ય ન કહેવું, અસત્ય પ્રિય ન કહેવું, આજ સનાતન ધર્મ." કાલના વિપરીતપણાને લીધે આ સત્ય વાકયનો અર્થ લોકો જેમ આવે તેમ અગડંબગડં કર્યા જાય છે તથાપિ વાસ્તવાર્થ આજ છે કે; સત્ય ને પ્રિય બંને કહેવું. સત્ય કહેવાથીજ પ્રિય સિદ્ધ થાય એમ છે છતાં પ્રિય કહેવું આમ લખવાનો હેતુ માત્ર એટલોજ કે અમુક માણસને એમ કહેવું કે તારે સત્ય બોલવું પણ સત્ય બોલવાથી તેનું શું પ્રિય થાય એમ છે એ ન કહેવાથી સત્યપર શ્રદ્ધા ચોટતી નથી સબબ સત્ય ને પ્રિય બન્ને કહેવું આમ મહાત્માઓનું કથન છે. પ્રિય લાગે એવું સત્ય કહેવું આ અર્થતો સર્વથા ખોટોજ છે. આલોકમાં ને પરલોકમાં પ્રિય થાય એવું સત્ય કહેવું એજ વાસ્તવિક અર્થ મારી દ્રષ્ટિએ લાગ્યો છે, અપ્રિય એવું સત્ય ન કહેવું આ બીજી કડીનો અર્થ એવો નથી કે અપ્રિય લાગે તો સત્ય ન કહેવું પણ આનો અર્થ આ છે કે, सन्यस्त सर्वकर्माणि मामेकं शरणं भजेत् આમ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે માટે સર્વ બ્રહ્મચારી અને ગૃહસ્થોએ સર્વ કર્મ ત્યાગી કેવળ બ્રહ્મપ્રાપ્તિ કરવી એમ કહેવું એ ખોટું નથી તથાપિ, દેવરૂણ, પિતૃરૂણ અને રૂષિરૂણમાંથી મુક્ત થયા શિવાય સન્યસ્ત

ગ્રહણ કરવું આમાં કરનારનું અપ્રિય છે અથવા તો જ્યાંસુધી સંસારની માયા છુટી અધિકારી થયા નથી ત્યાંસુધી સન્યસ્તનો બોધ કરવો એ અપ્રિયનો નિશાની છે સબબ આ વાક્ય એમ સમજાવે છે કે અપ્રિય થાય એમ હોય તો સત્ય ન કહેવું અર્થાત્ પ્રિય થાય એવું સત્ય તો સર્વથા સર્વ સાધુપુરૂષોએ કહેવુંજ કહેવું. "પ્રિય પણ અસત્ય ન કહેવું" આ ત્રીજા ચરણનો અર્થ એ છે કે, આ સંસારને, પામર અને વિષયીઓએ સુખરૂપ માનેલો છે તથાપિ તે સુખ અસત્ય છે સબબ પામર અને વિષયીને પ્રિય એવું, સંસાર સત્યરૂપ અસત્ય ન કહેવું; આજ ખરો અર્થ ભાસે છે. સારાંશમાં કોઇ પણ કાળમાં કોઈ પણ રીતે અપ્રિય ન થાય અને અસત્ય ન હોય તેજ બોલવું એજ સનાતન ધર્મ છે. સર્વ શાસ્ત્રો અને મહાત્માઓના મતો તપાસતાં પણ એજ સિદ્ધ થયું છે કે સર્વોત્તમ શ્રેય બ્રહ્મપ્રાપ્તિની તરફ મનુષ્યોને વાળવા આજ મહાત્માઓની ઈતિકર્ત્તવ્યતા હતી. આ ચરણો ઉપરથી આ પણ સિદ્ધ થાય છે કે કહેનારાઓએ તો પોતાના પ્રિયની કંઇ પણ ઈચ્છા રાખવીજ ન જોઈએ; માત્ર જેને કહેવું છે તેનું પ્રિય અપ્રિય ત પાસવું. આટલું કહી હું કોઇ મહાત્મા બનવાનો ફાંકો નથી રાખતો તથાપિ એમ તો કહું છું કે મેં મારા આગલા માનપત્રોમાં શ્રીમન્મહારાજાધિરાજને જે વિનંતિ કરી છે તે સત્ય અને પ્રિયત્તમ છે. આટલુંજ નહીં પણ તેમના અમાત્ય વર્ગને પણ કદાચ અપ્રિય લાગે તથાપિ તે અસત્ય નથી અને ભવિષ્યમાં તેમનું પ્રિય થાય એમજ છે. અને હાલમાં પણ જે મારા વિચાર રાજ્ય અને પ્રજાના શ્રેય ને સારૂં બતાવું છું તે પણ તેજ વિચારને અનુસરતા છે. સત્ય

ધર્મથી કહું છું કે મારે કોઇની સાથે દ્વેષ નથી તેમજ કોઈની નિંદા કરવી એ હેતુ નથી તથાપિ મને જે સત્ય લાગે છે તે મારાથી કહ્યા વગર રહી શકાય એમ નથી. હાલ તો કેટલાકને અપ્રિય પણ લાગે પણ વિચાર કરશે તો હાલમાં અપ્રિય લાગતું ભવિષ્યમાં ખરેખર પ્રિયકર છે. આટલુંજ કહીને એક મહાત્માના આ વાકયનું:—

निन्दन्तुनीति निपुणा यदिवास्तुवन्तु ।
लक्ष्मी समाविशतु गच्छतु वा यथेष्टम् ॥
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा ।
न्यायात्पथः प्रविचलन्ति पदं न धीराः

:—સ્મરણ કરી માનપત્રના ત્રીજા ભાગનો આરંભ કરી, આ ત્રીજાજ ભાગમાં ઇચ્છેલી સર્વ રાજ્યભકિત પૂર્ણ કરી માનપત્રનું કામ હાલ તુર્ત તો પૂર્ણ કરૂં છું.

મહારાજાધિરાજ! આપે હવે જોઇ લીધું કે માનપત્રોના આગલા બે ભાગોમાં લખેલું સર્વ ખરૂં હતું. જોઇ લીધું એટલુંજ માત્ર નહીં પણ આપે તે પ્રમાણે કરવા પણ માંડયું. આંટરોડના સ્ટેશનપર આપ નામદારને બીજો ભાગ લેવા ના કહેનારની પોતાના કુટીલ, કુકર્મો છુપાવવાની નીચ મતલબ હતી! આ કુટીલ કર્મો આપોઆપ ઉઘાડાં પડયાં, પાપ કોઈ કાળે છુપું રહી શકતું નથી. આપની ઇચ્છા હશે તો આથી પણ વિપરીત કુકર્મો બહાર આવશે. ખેર, સર્વ વખત વહીં ગયો! આજે આપ પ્રજાના લાભને સારૂ યત્ન કરો છો, આજે આપને યોગ્ય સલાહકાર મળ્યા છે, આજે આપ સર્વ પ્રજાને સરખો હક આપવા તૈયાર થયા છો ત્યારે બે માનપત્રોની

બાબતનો સંક્ષિપ્ત સારાંશ રજુ કરી માનપત્રનું અધુરૂં કામ આગળ ચલાવું છું. આપ નામદાર આ માનપત્ર નહીં વંચો આભિતિ તો હવે મટીજ ગઈ ! આગલા બે માનપત્રોના મુદ્દા આ પ્રમાણે હતાઃ—

રાજ્યમાં તાકીદે કરવાના સુધારા.

૧ મોટા હોદ્દા ઉપર—અગત્યના હોદ્દા ઉપર—જોખમકારક હોદ્દા ઉપર—એકને એક માણસ કાયમ રહેવા નજ જોઇએ. (આ બાબત હાલમાં અમલ થઇ ફેરબદલીઓ થવા લાગી છે)

૨ નાગરો અને તેના પણ સગાઓ તથા હાજીઆનંદો એકજ ખાતામાં ભર્યાં છે તેમાં ફેરફાર કરવાની જરૂર. (આ બાબત અમલમાં આણવાની ઘણીજ જરૂર છે તથાપિ હજી સુધી તેમ બન્યું નથી. પોલીસ સુપરીનટેન્ડેન્ટનો હોદ્દો મી૦ શેઠનાને આપવાથી ચોકસ સ્વાર્થી લોકો બદમાસોને ઉત્તેજન આપી, પૈસા આપી, મી૦ શેઠનાને નાલાયક ઠરાવવા, ખુનો ને ચોરીઓ હમણાથીજ કરાવવા લાગ્યા છે એવી ફરિયાદ નામ નિશાન સાથે અમારી પાસે આવી છે. તથાપિ તે પર ભરૂસો મુકતાં પેહેલાં રાજ્ય ખટપટને લીધે અમારે વિચાર કરવો પડે છે.)

૩ રાજ્યની રૈયતને એક સરખી રીતે દરબારી હોદ્દાઓ મળતા નથી. (મોરબીના ઠાકોરની તેમજ નામદાર ગાયકવાડ સરકારની આ સંબંધી રાજ્યનીતિનું અનુકરણ નામદાર મહારાજાએ કરવું જોઈએ. રા. વીઠલદાસના સાળા સારૂ નવું દવાખાનું કઢાવ્યું અને મી૦ ખુશાલદાસ કે જે ભાવનગરની રૈયત છે તેને ભોપાલમાં જવું પડયું, ભાવનગરની પ્રજાને દુઃખ દેનાર ગીરજાશંકરના છોકરા રતીશંકર સારૂં બસો રૂપીઆની જગા

થઈ અને મી૦ ગવરીશંકરને આખરે સરકારી નોકરી શોધવી પડી વગેરે બાબતો મહારાજાએ લક્ષમાં લઇ બંદોબત કરવાની જરૂર છે.)

૪ ખાતાવાર પરીક્ષા લેવાની જરૂર. (આ પરીક્ષા ન હોવાથી રાજ્યને ને પ્રજાને થએલું નુકશાન હવે પછી જણાવાશે.)

૫ મોટાના છોકરાઓને એકદમ વગર લાયકાતે મોહોટા હોદ્દાઓ અપાય છે તેનો અટકાવ થવાની જરૂર છે (આ બાબત નામદાર મહારાજાએ લક્ષપર લીધી છે.)

૬ પ્રમોશન—પગાર વધારવામાં કેવળ વગવસીલાથીજ કામ થાય છે તેનો અટકાવ થવાની જરૂર. (આ બાબત હમણાજ મહારાજાએ પ્રત્યક્ષ જોઈ છે. ત્રણ ત્રણ વખત નાગરોનાંજ લીસ્ટ ગયાં. આના વાસ્તે નોકરોનું ખાતાવાર રજીસ્ટર રાખી તેની દાખલ તારીખ, હોદ્દો તેના કામની શક્તિ તે રજીસ્ટરમાં લખાવી જોઇએ અને તે ઉપરથી નામદાર મહારાજાએજ પ્રમોશંન આપવું જોઇએ અથવા તો સરકારની માફક સરવીસ બુક દરેક નોકરોને આપવી જોઇએ.)

૭ પ્રજાની દાદ મહારાજા વગર હરકતે સાંભળી શકે એવો બંદોબસ્ત કરવાની જરૂર. (આ બંદોબસ્ત હાલમાં થયો છે.)

૮ પોતાના નીચ સ્વાર્થને માટે પ્રજાને વાજબી ઈનસાફ નથી મળતો તે સંબંધી સખત બંદોબસ્ત કરવાની જરૂર. (ભટ ગવરીશંકર જદુરામને જો આપ નામદારે આજ દશ વર્ષે ઇનસાફ આપ્યો નહોત તો તે જેવો તેવો ગેરઈનાસાફ હતો.)

૯ રાજાના ભાયાતોને—મરનાર કુમારશ્રી જુવાનસિંહજીને ત્રણ ગામો આપવા મી૦ પરસીવલ અને સામળદાસે વાંધો લીધો હતો છતાં મી૦ સામળદાસે શા સારૂ જલાલપુર ૨૪૦૦૦

નું ગામ ઓઈયાં કરી લીધું. (આ બાબત નામદાર મહારાજાએ લક્ષમાં લેવા જોગ છે.)

૧૦ રાજ્યની ઉપજ, પ્રજા ઉપર જુલમ કરી વધારવી અને પૈસા પોતાના ખીસ્સામાં ભરવા, પોતાના પ્રપંચને ઉત્તેજન નિમીત ખરચવા, તેનો અટકાવ થવાની જરૂર. અર્થાત્ રાજ્ય સારી સ્થિત્તિમાં ચલાવીએ તો છાપાવાળાને દબાણમાં રાખવા પૈસા આપવાની શી જરૂર રહે ! (હમણાજ મુંબઇના એક પત્રને રૂ૪૦૦ અપાયા છે એ વાત ખરી કે ખોટી તેમજ એક બીજા પત્રને અત્રેના એક આબરૂદાર ગૃહસ્થને ત્યાં રૂપીઆ ત્રણ હજાર અપાયલા અને તેનું લખત સુધાં થયલું પણ તે લખત તે ગૃહસ્થેજ ફાડતાં કહ્યું કે વરતમાનપત્ર સંબંધી લખતની જરૂર નથી આ વાત પણ ખરી કે ખોટી? મહારાજાધિરાજને જી. સી. એસ. આઈના ખીતાબ વખતે ત્રણ લાખ રૂપીયા છાપાવાળાને આપવા સારૂ ઉપાડયા છે તેનું કેમ ? આટલુંજ નહીં પણ ખુદ અમને દ્રવ્ય જાળમાં લપટાવા તૈયાર થયા હતા તેનું કેમ ?) સાચાને ડરવા જેવું શું છે. ડરે છે એજ સાબીત કરે છે કે દાલમાં કાળું હતું.

૧૧ ભાવનગરની વસ્તી ને ઉપજના પ્રમાણમાં નાલાયક નોકરો અને તે પણ ખુદ નાગરોજ માટે પગાર સંબંધી કેટલા રૂપીઆ ખરચાય છે તે સંબંધી વિગતવાર હેવાલ અમે ઉપજાવી કાઢયો છે, તે દાખલ કરવા આ માનપત્રમાં જગ્યા નથી સબબ બીજા પ્રસંગે બહાર મુકવામાં આવશે પણ આપ નામદાર આવો હેવાલ ઉપજાવી ખાત્રી કરશો તો હાલમાં જે ખરચ થાય છે તેના કરતાં ચોથા ભાગને ખરચે રાજ્ય આબાદ થતાં પ્રજા સુખી થશે.

૧૨ કારભારીઓ કેવા જોઇએ તેનાં બે દૃષ્ટાંતો આપ નામ દારને હું જણાવી ચુકયો હતો. આપના કારભારીઓના વર્ત્તનનું દિગ્દર્શન હમણાજ કરાવું છું. અમે માનપત્ર આપ્યાં તેમાં આપ સાહેબની નિંદા ન હોવાથી--અમો દેશી રાજ્યના તો પૂર હીમાયતી છીએ તેમજ સત્યને માટે સર્વ જોખમ ખેડવા ડરી એ એવા નથી-એનો વિચાર ન કરતાં, અમે જ્યારે હજારોની લાલચમાં ન લપટાયા ત્યારે લાખોની લાલચ આપી આપની નિંદા કરાવવા અમને ઉશ્કેરવા તજવીજ કરી કાગળો લખ્યા. (અમારા આ લેખનું પ્રત્યક્ષ પ્રમાણ આપ નામદારને જોવું હોય તો પેલા નિંદાખોર બ્રહ્મચારીને માસિક સાઠ રૂપીઆ અપાય છે તે છે. આ રૂપીઆ આપવાનું કારણ એ છે કે, બ્રહ્મચારીએ રાજાને વાસ્તે ખોટો વારસ ઉત્પન્ન કરવાનું લખેલું, આપ નામદારને કલંક લાગે એવું લખેલું તેને રૂપીઆ આપી મુંગો રાખી કારભારીઓને એવું ઠરાવવાનું છે કે બ્રહ્મચારીએ લખેલું સર્વ ખરૂંજ હતું અને તેથીજ તેને બંધ કરવા નામદાર મહારાજા મહિને સાઠ રૂપીઆ આપે છે. મહારાજાધિરાજ અગર જો કે આપ નામદાર આ બાબત જાણતાજ નહીં હો તથાપિ આપના કારભારીઓ, આપ હાલમાં સ્વતંત્ર થયા છો તે વખતે પાછા પોતાની ગાંઠના પૈસાથી આવા લુચ્ચાઓને આગળ પાડી આપ નામદારના રાજ્યને ધોખો પહોંચાડવા તજવીજ કરે છે. આપ નામદારપ્રત્યે મારી રાજ્યના અને પ્રજાના શ્રેયને સારૂ એટલીજ વિનંતી છે કે આવા લુચ્ચાઓને અપાતા પૈસા એકદમ બંધ કરી, કારભારીઓનો તે સંબંધી ખુલાસો માગવો અને આપ નામદારના દરબારી ગેઝેટમાં આવા માણસની ચાલ ચલગત સંબંધીજાહેર કરવું. માત્ર આવા મા-

ણસોને કારભારીઓ સાધી મુકે છે એમ નહીં પણ પોતાના ગાંઠના પૈસાથી વર્તમાનપત્રોને પણ સાધી મુકે છે. આ બાબતના પ્રત્યક્ષ પુરાવા હમણાથીજ જણાવા લાગ્યા છે.) આ કાગળનો લખનાર કોણ અને લખનારની શી મતલબ છે તે જાણવા ખુદ મી૦ સામલદાસને મળવા અમે ગયા પણ તેજ વખતે લખનારાઓએ પછી બીકથી કે ગમે તે રીતે પણ મી૦ સામલદાસની મુલાકાત થવા દીધી નહીં. આટલેથીજ અમે સંતોષ ન પામતાં પત્રો લખી ભરમ જાણવા પુષ્કળ યત્નો કર્યા પણ હમણાં સુધી એ ભેદ સમજાયો નહોતો. આ કાગળ આપ નામદારની હજુરમાં મુકાશે અને જેમ વજીર હરીસીંહજીના ઉપર તરકટ થયું તેમ કેટલાં તરકટ થયાં છે તે સર્વનું ભોપાળું એક વાર પ્રસંગ આવે બહાર આવશે. આવા કારભારી રાજ્યનું હિત કેવું કરતા હશે તેનો વિચાર આપજ કરી લેશો.

મહારાજાધિરાજ સર તખ્તસિંહજીને ધન્યવાદ.

હું મારા આગલા બે માનપત્રોમાં લખી ગયો છું કે “ આજકાલ જેમ પ્રતિષ્ટિત પુરૂષોને નામનું માનપત્ર સ્વાર્થાર્થે, પરમાર્થાર્થે કે માનાર્થે બીજાઓથી અપાય છે તેમ માનપત્ર ન આપતાં આપેલું માનપત્ર અને અપાયલું માન જેને, એ બંને ચીરકાલ અવિચલ રહે એ આ માનપત્ર આપવાનો ઉદ્દેશ છે” મારા આ ઉદ્દેશને અનુસરીનેજ હું આ પ્રસંગે આપનામદારને, ખરા અંતઃકરણ પૂર્વક, ખરી રાજ્યભક્તિપૂર્વક ધન્યવાદ આપવામાં અત્યાનંદ સમજું છું. પ્રતાપિ રામચંદ્ર અને હરિશ્ચંદ્ર જેવા અચળ સ્થંભ જે કુળ ને ચીરસ્થાયી કરનાર છે તે પ્રતાપિ સૂર્યવંશના આપ નામદાર, ગમે તેવા જોખમે પ્રજાના સર્વ પ્રકારના લાડ કોડ પુરા પાડો તેમાં કાંઇ પણ સંશય

જેવું નથી તથાપિ આપ નામદારની જાણ બહાર આપ નામદારના રાજ્યની શિતળ છાયાની અભિલાષિ પ્રજા જ્યાં જુવે ત્યાં બાવળજ બાવળ દેખે એ ખેદકારક વિષય સમજી, સર્વ પ્રકારના જોખમથી નિર્ભય રહી, એકદમ સાહસ કરી, સર્વ સત્ય વાત આપ નામદારને જણાવવાને પ્રથમ બીડું મેં ઝડપ્યું હતું અને તેમાં હું આજે ફતેહમંદ થયો એ ખરેખર મગરૂર થવા જેવું છે. આપ નામદારે "હું તમારા વિચાર પ્રસન્ન કરૂં છું અને ઉલટું સમજાવનારા સ્વાર્થી છે" આ શબ્દોચારણથી મને જીવત દાન આપ્યું છે એટલુંજ નહીં પણ પ્રજાસુખનિમિત્ત મારા જેવાઓ બહાર પડે એ રૂપ સુખદ સ્થાનનું દ્વાર પ્રજા કલ્યાણાર્થે આપ નામદારેજ ઉઘાડયું છે. આતા તે આતાજ આ રૂપ પિતા વાચક શબ્દો આપ નામદારના વંશજોનેજ પ્રજા તરફથી મળે એ જેવું તેવું ગર્વનું સ્થાન ન કેહેવાય! પ્રતાપિ વિજયસિંહ અને જસવંતસિંહ આજે આબાલવૃદ્ધ પર્યંતના અંતઃકરણમાં સતત વાસ કરી રહ્યા છે અને આજે આપ નામદાર તે મહાજનોની અખંડ કીર્ત્તિને ઉચ્ચતર સ્થાન આપવા તૈયાર થયા છો એ આપ નામદારનો કુલધર્મજ છે. રાજાએ પ્રજાનું પાલનજ કરવું આટલુંજ માત્ર નથી પણ પ્રજા દુઃખ પામતી હોય તો તેને દુઃખમુક્ત કરવા તન મન ધનનો ભોગ આપવો આ પણ રાજાનો સ્વતઃસિદ્ધ ધર્મજ છે. આજે આગલો કાલ તો નથી કે જે કાળમાં કુટીલો પોતાના નીચ સ્વાર્થને માટે, મેં જેમ મારા આગલા માનપત્રમાં જણાવ્યું છે તેમ રાજાનો પણ વખતે ઘાટ ઘડી નાંખે! કદાચ પોતાના જીવનું જોખમ થાય તેની પણ પરવા આપ નામદાર જેવા ઉચ્ચ કુલ અને ગુણવાન્ નૃપતિઓ કદી પણ કરતાજ નથી. દેહ

ધર્યો છે તો તેનો નાશ છેજ; પણ પ્રજાકલ્યાણાર્થે દેહાર્પણ કરવો એજ ક્ષત્રિઓનું સ્વર્ગીય સુખ છે. આપ નામદારે હાલ આ સર્વ વાત જાણ્યા છતાં પ્રજાને અદ્વિતીય સુખ આપવાને જે શ્રેષ્ઠ શ્રમ આદર્યો છે તે આપ નામદારને સંપૂર્ણ સુખનું સ્થાન બનો એજ ઇશ્વર પ્રત્યે મારી કરદ્વય જોડી પ્રાર્થના છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં અરજુન પ્રત્યે મહાત્મા યોગેશ્વર શ્રીકૃષ્ણે કહેલાં नहि कल्याण कर्तारो दुर्गति तात गच्छति એ સત્ય પ્રમાણનું ચિંતન કરતાં કરતાં આપ નામદારની અવિચળ કીર્ત્તિનો ધવળ ધ્વજ દિગન્ત ફરકતો જોઉં છું.

રાજ્યકીય ઊથલપાથલ અને જોખમો.

આપ નામદારનું હાલનું કૃત્ય રાજ્યકીય ઉથલપાથલ છે. મને જણાવવા દ્યો કે રાજ્યકિય ઊથલ પાથલ ન જોખમી છે એમ નથી. દશ વીસ વર્ષનું ઊંડા મૂળ ઘાલી રહેલું ઝાડ પણ ગમે તેવા પવનના તોફાનને પણ પત કરતું નથી ત્યારે સેંકડો વર્ષથી જડ ઘાલી બેઠેલા, અનેક પ્રકારના અમૃતરૂપ માની એકઠાં કરી લીધેલાં ફળોથી, માતેલા બન્યા છે જેઓ તે, તુરતજ રાજ્યકિય ઉથલપાથલમાં હતવિર્ય થાય આમ મારૂં માનવું નથી. નામદાર નિઝામને સર સાલારજંગને કાઢતાં કેટલું ભોગવવું પડયું છે, કેટલું ભોગવવું પડશે તેનો આપ નામદારે વિચાર નહિ કીધો હોય એમ મારૂં માનવું નથી તથાપિ આપ નામદારને આ સંબંધી સૂચવનજ કરૂં છું. સર સાલારજંગથી પ્રજાને દુઃખ હતું આમ નથી. આપ નામદારના સ્વાર્થી પ્રપંચી અને કુટીલ કામદારોથી પ્રજા ત્રાય ત્રાય પુકારે છે, આટલું છતાં આ કામદારોએ લાંબી મુદતની સતાથી, દ્રવ્યથી એટલો બધો લાગવગ વધારી દીધો છે કે, જો ભોળપણથી કામ લેવામાં આવે તો તેઓ કદાચ રાજાને પણ નુકશાન કરી શકે.

કામદારોની સામે કામ લેતાં સાવચેતી.

રાખવાની છે તે આ છે કે, આપ નામદારે પ્રથમ તો કોઇ પણ પ્રકારની જાતી તપાસમાં કે મેહેનતમાં કચાસ રાખવી ન જોઈએ. કુટીલો આપ નામદાર પરજ અપવાદો ચડાવા તૈયાર થશેજ અને તેનો પ્રત્યક્ષ પુરાવો "ગુજરાતી" વર્ત્તમાન પત્રની તા૦ ૨૭ મીના અંકમાં લખેલી બીનાજ છે! આવી બીનાઓના સંબંધમાં આંખ વિચામણા કરવા એ સારૂં નથી પણ એવી બીનાને તુચ્છકારીજ કાઢવી. આપ નામદારના વ્યાજબી સલાહકારો ઉપર પણ અપવાદો ચડાવવાની તજવીજ થશે. દાખલા તરીકે એજ "ગુજરાતી" એ પ્રજા કલ્યાણમાં કલ્યાણ માનનારા મી૦ માધવસિંહને સ્વાર્થી ચિતર્યા છે. આ ઉપરાંત અમારી પાસે જે ખાનગી બીના આવી છે અને તે બીના એક ભયંકર કાવત્રા રૂપ છે તથાપિ આગળથી સાવચેતી મળે એત્તદર્થે કોઈ પણ પ્રકારનું જોખમ અમારાપર ન રાખતાં જણાવીએ છઈએ કે કેટલાક કુટીલોએ આપ નામદારના નિમ-કહલાલ અને રાજ્યવૃદ્ધિના મૂલ કારણરૂપ સ્વામીશ્રી અને અને વિજયશંકરના પ્રાણ વિષપ્રયોગથી લેવા સુધીની તજવીજ કરી છે. અમે આ વાત ખોટી માનીએ છઇએ અને ઇશ્વર ખરે-ખર આ વાત ખોટીજ પાડો તથાપિ સ્વાર્થી અને કુટીલો નીચ સ્વાર્થને માટે શું નહિં કરે એ કહેવાઈ શકાય નહીં. આટલા વાસ્તે પોતાના અંગરક્ષકો અને સલાહકાર એવા તો મજબુત રાખવાની જરૂર છે કે જેઓ કોઇ પણ પ્રકારે દ્રવ્યથી, દેહની ધાસ્તીથી પોતાના કર્ત્તવ્યભ્રષ્ટ થાય નહીં

આપ નામદારના સ્વાર્થી અને કુટીલ કામદારો.

બધાજ છે આમ મારૂં કહેવું નથી આજે જેને સ્વાર્થી અને કુટીલ ચિતરવા પડે છે તેઓના પૂર્વજો રાજ્ય હિતૈષી હતા.

સ્વાર્થતા અને કુટીલતા આવવાનું કારણ વગર મેહેનતે, વગર ગુણે મળેલો આયતો આપના રાજ્યાશ્રયનો આશ્રયજ છે. હું નાગરોનો દ્વેષિ નથી એટલુંજ નહીં પણ કોઇ પણ પ્રાણી માત્રનો દ્વેષ કરવા ઇશ્વર મને બુદ્ધિ ન આપે આજ મારી હમેશની પરમેશ્વર પ્રત્યે યાચના છે. ભલે કડવી લાગે તથાપિ મારા જન્મ ભૂમિસ્થ નાગર બંધુઓને મારે જણાવવાની જરૂર છે કે તેઓએ હવે જે મળ્યું છે તેમાં સંતોષ માની પોતાની સ્વાર્થી વૃતિ તજી દેવી જોઈએ, મામા માસીના કરવાનું બંધ કરવું જોઇએ, એક પણ નાગર અન્યાય કરતોજ નથી આમ બનવાનો સંભવ નથી સબબ ગમે તો સગો ભાઈ હોય તો પણ તેને વાજબી સજા કરવામાં કચાશ રાખવી ન જોઈએ; ઇશ્વરે આપણને જે સત્તા આપી છે તેનો ઉપયોગ જ્ઞાન, દાન ને રક્ષણમાં સાધુ પુરૂષની પેઠે કરવો જોઇએ; ન કરવો જોઇએ વિવાદ, મદ, અને પરપિડનમાં. આ મુજબ નાગરબંધુઓ વર્તવા વિચાર કરે તો ભાવનગરની રાજય વ્યવસ્થામાંથી નાગરો સદંતર નીકલી જાય અથવા સદંતર કાઢી નાંખવા યત્ન થાય તે પ્રસન્ન કરવા જોગ નજ કહેવાય. હું સર્વ નાગરોને કલંકિત કરવા જેમ ઉત્સુક નથી તેમ સર્વ બીજી પ્રજાને શ્રેષ્ટ કહેવા પણ ઉત્સાહિ નથી. નાગરોમાં કેટલાક સારા ગૃહસ્થો નિકળશે અને તેથી ભાવનગરના રાજ્યનું હિત જેમાં સમાયલું છે એવી રાજય વ્યવસ્થાની બાબત નાગરોને સાથે ભેળી સૂચવું છું.

ભાવનગરની પ્રજામાં કોઇ હુશીયારજ નથી.

આવી અસર નાગરોએ જો નામદાર મહારાજાપર કરી મુકી હોય તો તે તદન જુઠીજ છે. ભાવનગરની પ્રજા નાગરોની માફક લોકોને દઃખ દેવામાં કે આત્મસ્વાર્થમાં હુશીઆર નથી

આ વાત ખરી પણ રાજયનું હિત કરવામાં નાગરો કરતાં બીજી પ્રજા વધે એમ છે, બ્રાહ્મણોએ અને વાણીયાઓએ પોતાનો પ્રાણ રાજય માટે આપેલો છે આ ભાવનગરના ઇતીહાસ પરથીજ જણાય છે. નામદાર મહારાજા જો પરીક્ષા કરી માણસો રાખ-વા માંડશે તો નાગરો કરતાં બ્રાહ્મણ વાણીઆ રાજયનું શ્રેય વિશેષ કરશે.

રાજય વ્યવસ્થા.

હાલમાં ભાવનગરમાં દિવાન અને નાયબ દિવાન બેજણને દર માસે ૩૨૦૦ પગારના આપી, સર્વ સત્તા દિવાનને સોંપવામાં આવી છે તેને બદલે ૨૦૦૦ના પગારના બે દિવાનો સરખી સત્તાના કરવા. આ બન્ને દિવાનો સાથે મળી કામ કરે એટલા માટે નહીં પણ લીબરલ અને કોનઝરવેટીવ પ્રીન્સીપલથી એક બીજાઓ પ્રજા કલ્યાણ માટે મચે એટલાજ માટે. બે દિવાનને ન્યાય અને મેહેસુલી સત્તા જુદી જુદી વેંહેચી આપવાની જ-રૂર છે. આવી રીતની અગત્યની બાબતના બે ઉપરીઓની વખતો વખત ફેરબદલી કરતાં રહી, એક બીજા એક બીજાના ખાતાઓની ખોડ કાઢે એવી ગોઠવણ થવી જોઇએ. આ બે દિવાનના હાથ નીચે એક કાઉન્સીલ નીમવી અને તેમાં રાજ્ય તરફના ત્રણ, રાજાના ભાયાનો તરફના બે, કામદારોના તરફના બે અને પ્રજા તરફનાં છ—તેમાં બે ખેડુત તરફના, બે વ્યાપારી તરફના, અને બે ઈતર પ્રજા તરફના એમ પ્રતિનિ-ધિઓ નિમાવા જોઇએ અને તેમની ચુંટણી દર વર્ષો-વર્ષ થવી જોઇએ અને ચુંટેલા પ્રતિનિધિઓ પોતાનો પ્રમુખ ચુંટે કે જે બેમત આપી શકે. આવી પ્રતિનિધિ કાઉન્સીલમાં હાજી હા કરનારા ન આવે આવી ગોઠવણ કરવાની જરૂર છે

અને આવે તો મહારાજાએ તેને કાઢી નાખવાની સત્તા પોતાના હાથમાં રાખવી જોઈએ. આ કાઊન્સીલના બીજા તેર અધિકારીઓ વગર પગારના ને માનવંતાજ રહેવા જોઇએ તેમ કરતાં હાલ તુરત તેને માસિક સો સો રૂપીઆ આપવા બંદોબસ્ત પણ કરવામાં આવે તો ૩૩૦૦ રૂપીઆને ખરચે આજ કરતાં સર્વ પ્રકારે શ્રેષ્ટ રાજ્ય કારોબાર ચાલી શકે. આ કાઉન્સીલમાં સર્વ પ્રકારના ધારાના ખરડાઓ, લોકોની ફરિયાદો અને રાજયના લાભનોજ વિચાર ચલાવવામાં આવે. આવી એક કાઉન્સીલ નીમી રાજય કારોબાર કરવા આપ નામદાર ગોઠવણ કરો તો પછી કારભારીઓ અને કામદારો ભલે રાજય પ્રપંચો ચલાવે તેની કાંઈ પરવાજ નથી. કોરટો—આજે ખુદ ભાવનગરમાં હાઇ કોરટ, દિવાની ન્યાયાધિશ કોરટ, ફોજદારી કોરટ, વિગેરે છે તે પ્રમાણેજ રાખવી; ઊપરાંત એક અપીલ કોરટ સ્થાપવી અને ત્યાં છેલી અપીલ થઇ શકે આ ઉપરાંત મહારાજાની કાઉન્સીલની હજુર એ અપીલ પણ આણી શકાય આવી ગોઠવણ થવાની જરૂર છે. ભાવનગરના તાબાના દરેક મહાલમાં વહીવટદાર, દિવાની ન્યાયાધિશ, ફોજદારી ન્યાયાધિશ છે તેની જરૂર નથી. દરેક મહાલમાં એક વહીવટદાર તેને અમુક રકમના દિવાની મુકદમા સાંભળવાની સત્તા આપી નીમવો. આ વહીવટદારના ફેસલા ઉપર અપીલ કરવા કે તેથી મોટી રકમના દાવા સાંભળવા એક વરિષ્ટ દિવાની ન્યાયાધિશ નીમવો કે જે આઠ મહિના ફરી સર્વ કેસોનો નિકાલ લાવે. અપીલ ખુદ ભાવનગરમાંજ થાય. ફોજદારી ન્યાયાધિશ [redacted] ફોજદાર જુદા રાખવાના બીલકુલ જરૂર નથી. બેમાંથી એક કમી કરવાથી ચાલશે. રેવીન્યુકમીશનર, વહીવ-

ટદાર, રાજયખરચ ખાતાના ઉપરી, વગેરે મોટા પગારના નકામા હોદ્દાઓ કાઢી નાંખી શકાય એમ છે. આમ કરવાથી આજે પગારને બાને મોટી રકમ ઘસડાઈ જાય છે તે બચી પ્રજાના પરનો કર પણ કમી કરી શકાય. સર્વોત્તમ રાજયવ્યવસ્થા કરવાના કેટલાક પ્રકાર મેં કહ્યા છે તેપર લક્ષ આપવામાં આવશે એવી આશા છે.

રાજયની આબાદાનીનાં મૂળતત્વો.

ખેતી, વ્યાપાર અને દ્રવ્ય આ ત્રણ રાજયની આબાદાનીનાં મૂળતત્વ છે. ખેતીના સંબંધમાં જમીન સારી છે, પાક સારો થાય એમ છે પણ ખેડુતોને મેહેનતનો બદલો બરાબર મળતો નથી સબબ પાકનો અમુક હિસ્સો લેવો એજ પદ્ધતિ સારી છે. વ્યાપાર રૂનો છે અને આ બે વર્ષમાં રૂમાં ઘણી ઘાલમેલ થવાથી રૂ કમી આવ્યું છે તથાપિ ભાવનગરનું બંદર સુધારી અર્થાત્ રૂવાપરીનું બંદર કરી, દરબારી બે ત્રણ સ્ટીમરો રાખી વ્યાપારીઓનો માલ બારોબાર યુરોપ મોકલવા ગોઠવણ થાય તો ઠેઠ અહમદાવાદ સુધીનો માલ ભાવનગર આવી શકે. ભાવનગરનું પોતાનું દ્રવ્ય અર્થશાસ્ત્રના હિસાબે ઠીક છે પણ એને ખેડતાં આવડતું નથી એટલે દ્રવ્ય ઘટતું જાય છે; આ સંબંધી નામદાર મહારાજાએ પોતાની પ્રજાને માટે વ્યવસ્થા કરવી જોઈએ.

રાજયની નોકરી અને વ્યવસ્થા.

રાજયની નોકરી ઉપર તેની આખી પ્રજાનો હક છે પણ રૂપીઆ બેહજારથી પચીશ રૂપીઆ સુધીની સર્વ નોકરીઓ નાગરો હાથ કરી બેઠા છે તે એક અન્યાયજ છે. [illegible]જં સુધી નોકરી કરનારા નાગરોને એકદમ કાઢી મુકવા આ પણ બનવા

જોગ નથી સબબ અર્ધોઅર્ધ નાગરો કમી કરવા બંદોબસ્ત કરી તેમને નોટીશ આપી એક વર્ષનો પગાર ઊચક આપવા બંદોબસ્ત કરવો અને આ નોકરીના સંબંધમાં પોતાની બીજી પ્રજાની અરજી માંગવી. વીશ વર્ષ સુધી કરેલી નોકરીવાળાઓને પેનશન આપી નોકરી છોડાવવી તેમજ પાંચ વર્ષ સુધી ખાલી પડતી જગ્યા ઉપર બીજી પ્રજા મળે ત્યાં સુધી નાગરો નીમવામાં નહીં આવે એવી જાહેર ખબર આપવી. ખાતાવાર પરીક્ષા લેવા હાલમાં આપ નામદારે ગોઠવણ કરી છે એ વાત ખરી પણ જેમ ફેરબદલી કરવાના આપના હુકમના સંબંધમાં આપ નામદારને ફરેબ આપવામાં આવ્યો છે તેમજ આ પરીક્ષાના સંબંધમાં ન બને તેનો પુરતી તજવીજ રાખવાની જરૂર છે. પરીક્ષાથી નિમાયલા નોકરોની બબે ત્રણ ત્રણ વર્ષે ફેરબદલી કરતાજ રહેવાની જરૂર છે. હાલમાં આપ નામદારે કરેલી ફેરબદલી તો ખરેખર નુકશાનકારક થઈ છે; તેમજ પાર્ટીસ્વાર્થ જળવાયો છે. દાખલા તરીકે ભાવનગરના પેહેલા નંબરના મહાલ મહુવા અને બીજા નંબરના કુંડલાથી, રા૦ જટાશંકર અને ભાઇચંદ મેતાને દુર કરી બીજી જગ્યાએ ગોઠવ્યા અને ત્યાં પોતાના લાગતા વલગતા માણસોને ગોઠવીને તો સામી પાર્ટીવાળાને નુકશાનજ કર્યું છે. માત્ર મોટા અમલદારોની ફેરબદલી કરવાથીજ કાર્ય સિદ્ધ થાય એમ નથી પણ દરેક નોકરોની ફેરબદલી કરવી જોઇએ. જયાં સુધી આમ નહીં બને ત્યાં સુધી આપની શુભ નેમ પાર પડવો અશકય છે.

લાંચ રૂશવતનો વધારો

આપના રાજ્યમાં જોવામાં આવે છે, ન્યાય પૈસાથી વેચાય છે, સૌ સૌના તોર મુજબ વર્તવા લાગ્યા છે; હમણાજ

લલુભાઈએ સિહોરમાં ચલાવેલી આપખુદી "રાજય ભક્ત" નામના પત્રમાં બહાર આવેલી છે. બોટાડ અને કુંડલા મહાલની અંદર લેવાયલી લાંચ રૂશવતના ઘણાક દાખલાઓ એક બીજા પત્રે બહાર મુકયા છે આ ઉપરાંત હું જણાવું છું કે નામદાર ગવરનર જોગની અરજીમાં મેમણ ગીગા સકુરે રૂ૪૦૦ અમુક અમલદારે લીધા એમ લખેલું છે તેનો તપાસ કરવામાં આવ્યો નથી, ભાવનગરના મોટા વેપારી પ્રાણજીવન નથુભાઈના ચોપડામાં રૂ ૬૦૦ લાંચના અપાયા છે. આ ચોપડા મુંબઇની હાઇકોરટમાં છે અને બે ભાગીયાના વાંધાને લીધે આ બાબત બહાર આવી છે. ભાવનગરમાં જુની શાકપીઠ પાસે એક વાણીઆનું ઘર સરન્યાયાધિશના સીરસ્તદારે જબરીથી ઝુંટાવી લીધું હતું તે સર મંગલદાસ જેવાની સીફારસથીજ પાછું મળ્યું. ઇનજીનીયરીંગ ખાતામાં ગેટાળો થયો હતો તે બખતે એક નાગરને બચાવી બીજી જાતવાળાને સજા કરી અને એજ નાગરને આજે મોટી જગ્યા પાછી આપી છે. આવા અનેક દાખલા નાગરોની આપખુદીના અમારી પાસે છે. આવી સર્વ આપખુદી તોડવા સારૂ આપ નામદારે જે પરિશ્રમ લેવા માંડયો છે તે પ્રજાના કલ્યાણરૂપ છે.

વર્ત્તમાનપત્રોનો પુકાર.

હાલની નહીં જેવી બીના પણ કલકત્તાના "ઇન્ડીયન મીરર" નામના વર્ત્તમાનપત્ર સુધી પહોંચી ચુકી છે. મુંબઇના "ટાઇમ્સ" ને "ગેઝેટ" માં પણ લેખો લખાયા છે. વખત જતાં વર્ત્તમાનપત્રોમાં સાચા જુઠા અનેક લેખો આવવા [illegible]શે. આને વાસ્તે આપ નામદારે હમણાથીજ ચેતી ચાલવાની જરૂર છે. ર્તમાનપત્રો વાંચવાનો બંદોબસ્ત કર્યો છે. [illegible]મ જવાબ લખવાપણ બંદોબસ્ત કરવો જોઈએ.

ખેડુતોની હાલ હવાલી.

આપના રાજયના ખેડુતોની એટલી બધી હાલ હવાલી થઇ ગઈ છે કે આપે હાલમાં વેડ કાઢી નાખવાનો હુકમ કર્યો છે તે બરાબર અમલમાં નહીં આવશે તો ખેડુતો મરવા પડશે જ! પાંચ રૂપીઆનો પટાવાળો પણ ખેડુત પાસેથી ઘી, દુધ, અને અનાજ મફત ઉપાડી જતા હતા. આપ નામદારે ખેડુતોને વેઠ મુક્ત કર્યા આ સારૂ કર્યું પણ તેમની પાસેથી બીજી કાંઇ પણ ચીજ કોઈ ન લઇ શકે એવો બંદોબસ્ત કરવાની પેહેલી જરૂર છે. ફારમ આપતી વખતે ખેડુતો પાસેથી થાણદારો ખુલેખુલી લાંચ લે છે. ફારમ દીઠ એક રૂપીઓ લેવો એતો રસમજ થઇ પડી છે. આ બાબત બંદોબસ્ત થવાની જરૂર છે.

છેવટની વિનંતિ અને સમાપ્તિ.

ઘણું લાંબુ થયું છે માટે છેવટની વિનંતિ એજ કરૂં છું કે આપ નામદારે પ્રથમ તો પ્રજા પ્રતિનિધિતત્વની કાઉન્સીલ સ્થાપવી. આ કાઉન્સીલ પાસે સર્વ ધારાઓ સુધરાવવા અને અગત્યનામાં ફેરફાર કરાવવો. આવી કાઉન્સીલ નિમ્યા વગર એક કારભારીથી આપનો રાજ્ય વહીવટ સુધરે એમ નથી. પછી આ કારભારી કાં પારસી ન હોય, કાં અંગ્રેજ ન હોય કે કાં ભાવનગરની પ્રજા ન હોય. સર્વ સૌ સૌનું કરશે. જો એકાદ કારભારીથી રાજ્ય વહીવટ સુધરી શકત તો હિંદુસ્થાનના ખેરખાં મી૦ દાદાભાઇ વડોદરામાં નિષ્ફળ થાતજ નહીં. વડોદરામાં મી૦ દાદાભાઈએ સર્વોત્તમ વહીવટ કર્યો હતો તથાપિ રાજ્ય ખટપટ આગળ તેમનો સર્વોત્તમ વહીવટ નકામો થઇ પડયો. આટલા વાસ્તે કાઉન્સીલ કરવી એજ અગત્યનું છે. રાજ્યની ઉપજ વધારવાને નવા કરો નાખવાના કરતાં નકામ નોકરો ઓછા કરી બચાવ કરવો એ સારૂ છે. આવી રીતનો બચાવન થવાથીજ કારભારીઓનાં ઘરો ભરાયાં છે અને રાજ્ય

ત્રેઝરીને સારૂ "ઇન્ડીયન મીરર" જેવું વગવાળું પત્ર ફરિયાદ કરે છે. નિર્મળ ન્યાય મળે એવી ગોઠવણ થવાની જરૂર છે. લોકોમાં સ્વતંત્રતા આવે અને તેઓ પોતાના હકો માગવા શિખે એવી ગોઠવણની જરૂર છે. કેળવણીનો લાભ સર્વે સરખી રીતે લે એવો બંદોબસ્ત થવાની જરૂર છે. ખાતાવાર પરીક્ષા બરાબર રીતે લેવાની ગોઠવણ થવાની જરૂર છે. આવી રીતના અનેક ફેરફારો રાજ્યના શ્રેયને સારૂ કરી, એ ફેરફારો બરાબર અમલમાં આવે છે કે કેમ ! તેનો તપાસ થાય અને લોકો વિશ્વાસ પુર્વક પોતાની ફરિયાદ આપ નામદાર હજુર રજુ કરી શકે એટલા વાસ્તે એક સ્વતંત્ર, કેવળ સ્વતંત્ર, અભયદાન આપી, વર્તમાનપત્ર કઢાવવાની જરૂર છે. આ વર્તમાનપત્ર રાજ્ય વિરૂદ્ધના વિષયોનું ખંડન કરવામાં, પ્રજાના દુઃખો જણાવવામાં કામદારોનો દોર તોડવામાં, એક શ્રેષ્ટ શસ્ત્ર થઇ પડવાનું. જેમ કાઉન્સીલની જરૂર છે તેમજ વર્ત્તમાનપત્રની જરૂર છે. આટલા વાસ્તે આપનામદાર રાજ્યશ્રેયને સારૂ આ પ્રમાણેની સર્વ ગોઠવણ કરી પ્રજાનો અવર્ણનીય આશિર્વાદ લેશો.

ખરા રાજ્યદ્રોહી અને રાજભકતો.

આપ નામદારે તો અમારી રાજ્યભક્તિની પરીક્ષા કરી લીધી તથાપિ ભાવનગરની સર્વ પ્રજાને મારે જણાવવું જોઇએ કે કામદારોના જુલમની ઝુંસરી ઉપાડવી, રાજ્યમાં સડો ચાલ્યા કરે એ જોયા કરવું, પોતાના બંધુઓને અન્યાય મળે એ સાંખ્યા કરવું, તમાચો મારી મોં લાલ રાખવું આ ખરી રાજ્યભક્તિ નથી ! ખરી રાજ્યભક્તિ તો એજ છે કે, પોતાના રાજા [illegible] રાજ્યના સારૂ પ્રાણ આપવો તેમજ પ્રાણ આપી ગે[illegible]ોના રાજા પાસેથી [illegible]હાલા હદ્દા મેળવવા ! ભાવનગરની [illegible] પ્રજા ખોટી ખુસા[illegible]ત કરી અને મિથ્યા મોટાઇ આપી, [illegible]જાની વહાલા થવાય છે [illegible]ામ સમજે છે પણ એ સમજ ભુલ ભરેલી છે આવી રીતે

વાહાલા થવામાંજ આવો વખત આપણે જોયો! સર્વ ભાવનગરની પ્રજાની ફરજ છે કે નામદાર મહારાજાધિરાજને સર્વોત્તમ માન આપવું અને પોતાના વહાલા હકો મેળવવા.

આ માનપત્રની સમાપ્તિમાં ઇશ્વર પ્રત્યે મારી શુદ્ધ અંતઃકરણથી એજ પ્રાર્થના છે કે, અમારા મહારાજાધિરાજ દિર્ઘાયુ ભોગવી, પોતાની પ્રજાને હાલમાં જેમ પાળવાને તૈયાર થયા છે તેમ પાળો. અમારા મહારાજાધિરાજના વંશની વૃદ્ધિ થઇ તેઓ પણ પોતાની પ્રજાના લાડ કોડ પૂર્ણ કરવા પોતાના પૂર્વજનોની માફક પ્રવર્તો અને રાજા અને પ્રજા એવા અદ્વિતીય પ્રેમમાં જોડાઓ કે જે પ્રેમની સ્પર્દ્ધા કરવા સર્વ લલચાય! હે પરમ કૃપાળુ પરમાત્મા! ભાવનગરના મહારાજાધિરાજનો અખંડ પ્રતાપ, સૂર્ય તુલ્ય પ્રકાશિત રાખો આજ મારી વારંવાર તમ પ્રત્યે પ્રાર્થના છે.

હું છું.
પ્રજા સુખ અને રાજ્યશ્રીવૃદ્ધ્યર્થ
પ્રયત્ન કરનાર
રાજ્યભક્ત
ગિરિજાશંકર વિ. કાશીરામ દ્વિવેદી.

મુંબઇ:—"ગુજરાત પ્રીંટીંગ" પ્રેસ. ભીંડીબજાર.